# અઝમતે જ. ઝહરા (સ.અ.)

## અનુક્રમિકા

હ. ઝહરા (સ.અ.)નું સ્થાન – ઈસ્મતથી ઉચ્ચ:... 5

હ. ઝહરા (સ.અ.)ની મઅરેફત શકય નથી:........ 8

હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ખિલ્કત: ........... 15

જીસ્મ અને રૂહમાં સંબંધ:.......................... 22

હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) ની ઈબાદત:..... 36

હઝરત ઝહરા (સ.અ.) રિસાલતનો ભાગ:....... 43

ખુદાવંદે આલમ આખી દુનિયાનો માલીક અને મુખ્તાર છે, તે જે ચાહે છે તે કરે છે, કોઈપણ તેના ઈખ્તેયાર અને તેની કુદરતને સિમીત કરી શકતું નથી. ખુદાવંદે આલમે અઈમ્મા (અ.મુ.સ.)ને પોતાની દરેક અતા અને નેઅમતો માટે માધ્યમ નિયુક્ત કર્યા છે. આ આધારે તે હઝરાત દુનિયામાં દરેક પ્રકારનાં અધિકાર ધરાવે

છે. તેથી આપણી જવાબદારી છે કે આપણે તે હઝરતોની મઅરેફ્ત મેળવીએ જેમને અલ્લાહે આ ઝમીન અને આસમાન ઉપર ઈખ્તેયાર અને કુદરત અતા કરી છે.

એ ઉપરાંત અગર આપણે આ દુનિયામાં સફળ જીવન જીવવા માંગતા હોઈએ અને સેરાતે મુસ્તકીમ ઉપર બાકી રહેવા માંગતા હોઈએ તો હક અને બાતિલને ઓળખવું જરૂરી છે. એટલા માટે તે હઝરતો કે જે

હકનો અરીસો છે અને જેમની ખુશનૂદી અલ્લાહની ખુશનૂદી અને જેમની નારાઝગી અલ્લાહની નારાઝગી છે, જેમની ઈતાઅત અલ્લાહની ઈતાઅત અને જેમની નાફરમાની અલ્લાહની નાફરમાની છે, તેમની મઅરેફત હાસીલ કરવી આપણી ખુબજ મહત્વની જવાબદારી છે અને આપણી નેકબખ્તીનું કારણ પણ છે.

## હ. ઝહરા (સ.અ.)નું સ્થાન – ઈસ્મતથી ઉચ્ચ:

હ. ઝહરા (સ.અ.)ની મન્ઝેલત સામાન્ય ઈસ્મત કરતા ઘણીજ ઉચ્ચ છે. હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

إِنَّ اللّٰهَ يَغْضَبُ لِغَضَبِكِ وَ يَرْضَى لِرِضَاكِ

‘બેશક અલ્લાહ જ. ઝહરા (સ.અ.)ની ખુશનુદીથી રાઝી થાય છે અને તેમની નારાઝગીથી નારાઝ થાય છે.’

(બેહારુલ અન્વાર, ભાગ-૩૦, પાના નં. 353, મુસ્તદરકે હાકીમ, ભાગ-3, પાના નં. 154,

મોઅજમુલ કબીર ભાગ-22, પાના નં. 401, સહીહ બુખારી ભાગ-5, પાના નં. 83)

આ હદીસથી સ્પષ્ટ થઈ જાય છે કે હ. ઝહરા (સ.અ.)ની

મન્ઝેલત ઈસ્મત કરતા ઉચ્ચ છે. કારણકે ઈસ્મતનો અર્થ છે ઈન્સાનના બધા આમાલ, તેની ખુશી-નાખુશી, મરઝી અને ગઝબ ખુદાની મરજી મુજબના હોય. તે ખુદાની ખુશનૂદીથી ખુશ હોય અને ખુદાની નારાઝગીથી નારાઝ હોય. તેનો આ અમલ ખુદાની મરઝીનો અરીસો હોય. પરંતુ હ. ઝહરા (સ.અ.)ની બાબત તેમ નથી. કારણકે અહીં ખુદાવંદે

આલમ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ખુશનૂદીથી ખુશ થાય છે અને ખુદાવંદે આલમ તેમની નારાઝગીથી નારાઝ થાય છે.

## હ. ઝહરા (સ.અ.)ની મઅરેફત શકય નથી:

હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

انّمَا سُمِّيَتْ فَاطمَةُ لاَنَّ الْخَلْقَ فُطمُوْا عَنْ مَعْرِفَتِهَا

‘જ. ફાતેમા (સ.અ.) નું નામ ફાતેમા એટલા માટે રાખવામાં આવ્યું કે તમામ મખ્લુકાત તેમની મઅરેફત મેળવવાથી અશક્તિમાન છે.’ (બેહારુલ અન્વાર, ભાગ-43, પાના નં. 65)

હદીસના આ વાકયો ખાસ ધ્યાન માંગે છે. આં હઝરત

(સ.અ.વ.) એ ફરમાવ્યું:

لَاَنَّ

الْخَلْقَ માંاَلْخَلْقْ પરال છે. એટલેકે તમામ મખ્લુકાત. અલ્લાહ સિવાય બધુજ મખ્લુક છે. આમાં ફકત ઈન્સાનો જ શામીલ નથી બલ્કે તેમાં અલ્લાહની વહીના અમીન જ. જીબ્રઈલ અ.સ., જ. ઈઝરાઈલ અ.સ., અલ્લાહનાં બીજા મહાન

ફરીશ્તાઓ, મહાન નબીઓ, રસુલો અને વસીઓ વિગેરે બધાજ શામીલ છે.

તે પાક ઝાત કેટલી ઉચ્ચ હશે કે જ. જીબ્રઈલે અમીન જેવા ફરીશ્તા પણ જેની સંપૂર્ણ મઅરેફત પ્રાપ્ત કરી શકતા નથી. અંબીયા (અ.મુ.સ.) પણ જેની સંપૂર્ણ મઅરેફત મેળવી શકતા નથી. આ તે અઝીમ ઝાત છે કે ફકત ખુદા જ જાણે છે કે તેઓ શું છે?

આ સંબંધમાં આ રિવાયત ઉપર ધ્યાન આપીએ. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જ. ફાતેમા ઝહરા (સ.અ.)ને ફરમાવ્યું:

اذَا اسْتَقَرَّ اَوْلِيَآئَ اِللهِ فِيْ الْجَنَّۃِ زَارَكَ آدَمُ مِنْ دُوْنِ النَّبِيِّيْنَ۔

'જ્યારે અલ્લાહના વલીઓ પોત-પોતાની જગ્યાએ ઉભા રહી જશે ત્યારે જ. આદમ (અ.સ.) અને બાકીના બધા નબીઓ (અ.મુ.સ.) તમારી

ઝિયારત માટે આવશે.’ (બેહારુલ અન્વાર, ભાગ-43, પાના નં. 227)

આ કેવો બુલંદ દરજ્જો છે!!! શું ઉચ્ચતા છે, શું બલંદી છે કે તમામ અંબીયા (અ.મુ.સ.) હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ઝિયારત કરવા માટે કતારબંધ ઉભા હશે. અકકલ આ દરજ્જાને સમજવા માટે અસમર્થ છે. ખુદાવંદે આલમે

આ મહાન ખાતૂનને કે જેઓ ઝમાનાના પસંદીદા અને ખિલ્કતમાં અજોડ છે તેમને મહાન દરજ્જો અતા કર્યો છે. યકીનન અંબીયા (અ.મુ.સ.) જન્નતમાં જે ખાતુનની ઝિયારત માટે કતારબંધ ઉભા હોય તેમની ઉચ્ચતાને કોણ સમજી શકે? અક્કલ અંબીયા (અ.મુ.સ.)ની ઉચ્ચતાને પામી શકતી નથી તો તે જ.ઝેહરા (સ.અ.)ની ઉચ્ચતાને કેવી રીતે પામી શકે કે જેમની ઝિયારત

માટે અંબીયા (અ.મુ.સ.) હરોળબંધ ઉભા હોય.

## હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ખિલ્કત:

નીચે જે રિવાયત નકલ કરવા જઈ રહ્યા છીએ તે રિવાયત શીઆ અને સુન્ની એમ બન્ને આલીમોએ નકલ કરી છે. આ રિવાયત સનદના આધારે એટલી હદે સહીહ અને

મજબુત છે કે તેની બુનિયાદ ઉપર ફતવો આપી શકાય.

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે:

كَانَ النَّبِيّ يَكْثُرُ تَقْبِيْلَ فَاطمَةَ فَعَاتَبَتْهُ
عَلٰي ذٰلکَ عَايِشَةُ فَقَالَتْ: يَا رَسُوْلَ اللهِ
اِنَّکَ لَتَکْثُرُ تَقْبِيْلَ فَاطِمَةَ۔

'હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જ. ફાતેમા ઝહરા (સ.અ.) નો ખુબજ વધારે બોસો લેતા હતા. આયશાએ આના ઉપર વાંધો ઉઠાવ્યો અને કહ્યું: અય

અલ્લાહના રસુલ! શું કારણ છે કે તમે જ. ફાતેમા (સ.અ.)નો ખુબજ વધારે બોસો લો છો?' (બેહારુલ અન્વાર, ભાગ-18, પાના નં. 315)

આ વાંધાનો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ આ મુજબ જવાબ આપ્યો. આ જવાબને એહલેસુન્નતના આલીમ સીયુતી એ દુર્રે મન્સુરમાં અને તબરાનીએ 'મોઅજમ'માં નકલ કર્યો છે.

(દુર્રુલ મન્સુર, ભાગ-4, પાના નં. 153, અલમોઅજમુલ કબીર, ભાગ-22, પાના નં. 401)

لَمَّا اَسْرِيَ بِيْ اِلَي السَّمَآئِ اَدْخَلْتُ الْجَنَّۃَ فَوَقَعْتُ عَلِي شَجَرَۃ مِنْ اَشْجَارِ الْجَنَّۃ لَمْ اَرَفِي الْجَنَّۃ اَحْسَنُ مِنْهَا وَ لاَ اَبْيَضُ وَرَقًا وَ لاَ اَطْيَبُ ثَمَرَۃً فَتَنَاوَلْتُ ثَمَرَۃً مِنْ ثَمَرَاتِهَا فَاَكَلْتُهَا فَصَارَتْ نُطْفَۃٌ فِيْ صُلْبِي فَلَمَّا هَبَطْتُ اِلَي الْاَرْضِ وَاقَعْتُ خَدِيْجَۃَ فَحَمَلَتْ بِفَاطِمَۃَ فَاِذَا اَنَا اشْتَقْتُ اِلٰي رِيْحِ الْجَنَّۃِ شَمَمْتُ رِيْحَ فَاطِمَۃَ۔

‘જ્યારે હું મેઅરાજની સફરમાં જન્નતમાં ગયો. મેં જન્નતના ઝાડોમાંથી એક ઝાડ જોયું જેનાથી બેહતર જન્નતમાં કોઈ ઝાડ ન હતું અને ન તો તેનાથી વધારે સફેદ પાંદડું કોઈ ઝાડનું હતું અને ન તેનાથી વધારે ખુશબુદાર કોઈ ઝાડ હતું. મેં તે ઝાડનું એક ફળ ખાધુ. આ ફળે મારી સુલ્બમાં નુત્ફાનું સ્વરૂપ ધારણ કર્યું અને જ્યારે હું ઝમીન ઉપર પાછો આવ્યો તો મેં આ અમાનત જ.

ખદીજાના રહેમને સુપ્રત કર્યું જેનાથી જ. ફાતેમા (સ.અ.)નો જન્મ થયો. એટલા માટે હું જ્યારે પણ જન્નતની ખુશ્બુને સુંઘવા ચાહું છું તો ફાતેમા (સ.અ.)ને સુંઘી લઉં છું.' (તફસીરે નુરૂસ્સકલૈન, ભાગ-3, પાના નં. 98)

આ રિવાયત ઉપર વિચાર કરો. રસુલોમાં, નબીઓમાં અને તમામ ખિલ્કતમાં સૌથી

અફઝલ અને બુઝુર્ગ હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.). જન્નત સૌથી પાકીઝા જગ્યા અને તે જન્નતમાં સૌથી શ્રેષ્ઠ અને ઉચ્ચ ઝાડ અને તે ઝાડનું સૌથી બેહતર ફળ. અહીંથી હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) ના પાકો પાકીઝા અસ્તિત્વની શરૂઆત થઈ છે અને આ ખિલ્કત પણ જીસ્માની ખિલ્કત છે એટલેકે હ. ઝહરા (સ.અ.)નું પવિત્ર શરીર જે ચીઝ વડે આકાર પામ્યું, તે

જન્નતનું સૌથી ખુબસુરત ફળ છે.

<u>જીસ્મ અને રૂહમાં સંબંધ:</u>

કુરઆનની નજરથી જીસ્મ અને રૂહમાં એક સંબંધ જોવા મળે છે. કુરઆને કરીમ હ. આદમ (અ.સ.)ની ખિલ્કત વિષે ફરમાવે છે:

فَاِذَا سَوَّيْتُهٗ وَ نَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِىْ

“પછી જ્યારે હું તેને પૂરેપૂરો બનાવી ચૂકું અને મારી (રૂહે હયાતમાંથી) રૂહ તેમાં ફુંકી દઉં”

(સુરએ હીજર-29)

બીજી એક જગ્યાએ આ રીતે ઈરશાદ થાય છે:

لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِىْٓ اَحْسَنِ تَقْوِيْمٍ۔

“બેશક અમે ઈન્સાનને બેહતરીન શકલ અને સુરતમાં

પૈદા કર્યો છે.” (સુરએ તીન-4)

દુનિયાની કોઈપણ મખ્લુક શકલ અને સુરતમાં ઈન્સાનથી બેહતર નથી. ઈન્સાનની બેહતરીન શકલ અને ચહેરાનો શરીર સાથેનો શ્રેષ્ઠ સંબંધ એ છે કે તેમાં રૂહ ફુંકવામાં આવે. એટલા માટે જ રૂહ ફુંકતા પહેલા શરીરને બધી રીતે યોગ્ય બનાવવામાં આવ્યું. કારણકે દુનિયાનું દરેક શરીર એ લાયક

નથી કે તેમાં રૂહ ફુંકવામાં આવે. જ્યારે દરેક શરીર એક સામાન્ય રૂહને પામી શકતું નથી. તો પછી ખુદાવંદે આલમની ખાસ કૃપાને પામવા માટે કંઈક અલગ જ શરીરની જરૂરત છે.

દુનિયાના માદ્દાથી બનેલું શરીર એ લાયક છે કે તેમાં રૂહ ફુંકવામાં આવે અને એમાં પણ તે રૂહ જે અલ્લાહ સાથે મન્સુબ છે જેને અલ્લાહે પોતાની રૂહ કહી છે. તો તે

પાક જીસ્મ કે જે જન્નતના મેવાથી આકાર પામ્યું હોય તે શરીર માટે કેવી રૂહની જરૂરત હશે.!!!! જ્યારે આ પાક શરીર દુનિયાના બધા શરીરોથી ભિન્ન છે તો તેની રૂહ પણ દુનિયાની બધી રૂહોથી ભિન્ન હશે. કદાચ એટલા માટે જ પયગમ્બરે અકરમ (સ.અ.વ) ઈરશાદ ફરમાવે છે:

‘તમામ મખ્લુકાત તેમની મઅરેફત મેળવવાથી અશક્તિમાન છે.’

જનાબે જાબીર ઈબ્ને યઝીદે જોઅફીની ગણતરી અઈમ્મા (અ.મુ.સ.)ના ખાસ સહાબીમાં થાય છે. તેમણે હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને પુછયું: જ. ફાતેમા ઝહરા (સ.અ.) ને ઝહરા શા માટે કહેવામાં આવે છે?

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

لاَنَّ اللهَ عَزَّ وَ جَلَّ خَلَقَهَا مِنْ نُوْرِ عَظْمَتِہٖ، فَلَمَّا اَشْرَقَتْ اَضَائَتِ السَّمٰوَاتِ وَ الْاَرْضَ بِنُوْرِہَا، وَ غَشِيَتْ اَبْصَارُ الْمَلاَئِكَةِ وَ خَرَّتِ الْمَلاَئِكَةُ لِلٰہِ سَاجِدِيْنَ وَ قَالُوْا: اِلٰہَنَا وَ سَيِّدَنَا مَا ہٰذَا النُّوْرُ؟ فَاَوْحَي اللهُ اِلَيْہِمْ: ہٰذَا نُوْرٌ مِنْ نُوْرِيْ وَ اَسْكَنْتُہٗ فِيْ سَمَائِيْ، خَلَقْتُہٗ مِنْ عَظَمَتِيْ اُخْرِجُہٗ مِنْ صُلْبِ نَبِيٍ مِنْ اَنْبِيَآئِيْ اُفَضِّلُہٗ عَلٰي جَمِيْعِ الْاَنْبِيَآءِ وَ اُخْرِجُ مِنْ ذٰلِكَ النُّوْرِ اَئِمَّةً يَقُوْمُوْنَ بِاَمْرِيْ يَہْدُوْنَ اِلٰي حَقِّيْ وَ اَجْعَلُہُمْ خُلَفَائِيْ فِيْ اَرْضِيْ بَعْدَ انْقِضَاءِ وَحْيِيْ۔

‘ખુદાવંદે આલમે તેમને પોતાના નૂરથી પૈદા કર્યા. જ્યારે તે નૂર ચમકયું તો તમામ આસમાનો અને ઝમીન

તેનાથી નૂરાની થઈ ગયા, મલાએકાની આંખો પણ અંજાઈ ગઈ. મલાએકા ખુદાની બારગાહમાં સજદામાં જુકી ગયા અને કહેવા લાગ્યા: પરવરદિગાર! મઅબુદ આ કેવુ

નૂર છે? ખુદાવંદે આલમે તેમની તરફ વહી કરી અને

ફરમાવ્યું: આ નૂર મારા નૂરથી છે. તેને મેં મારા આસમાનમાં જગ્યા આપી છે. તેને મેં મારી અઝમતથી પૈદા કર્યું છે. હું તેને મારા નબીઓમાંથી એક નબીની સુલ્બમાં જાહેર કરીશ. જેને બધાજ નબીઓ ઉપર ફઝીલત પ્રાપ્ત હશે. પછી તે નૂરથી મારા ઈમામો નિયુકત કરીશ કે જેઓ મારા હુકમથી કયામ કરશે અને મારા હક તરફ લોકોની હિદાયત કરશે. વહીનો સિલસિલો બંધ થવા પછી

તેઓને મારી ઝમીનમાં મારા જાનશીન

બનાવીશ.' (બેહારુલ અન્વાર, ભાગ-43, પાના નં. 12)

આ રીતે જ. ફાતેમા ઝહરા (સ.અ.)નું પવિત્ર શરીર જન્નતના શ્રેષ્ઠ ફળથી આકાર પામ્યું અને આપની રૂહને પરવરદિગારે પોતાના મહાન નૂરથી પૈદા કરી છે. જ્યારે આ ભૌતિક દુનિયામાં આવવા માટે

આ નૂરની આવી શાન છે તો આખેરતમાં તેના શું દરજ્જાઓ હશે.!!!

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) પયગમ્બરે અકરમ (સ.અ.વ.)થી રિવાયતની નોંધ કરે છે કે:

قَالَ رَسُوْلُ اللهِ صَلَّي اللهُ عَلَيْهِ وَ آلہ:
خُلِقَ نُوْرُ فَاطِمَۃَ قَبْلَ اَنْ تُخْلَقَ الْاَرْضَ وَ
السَّمَآئُ فَقَالَ بَعْضُ النَّاسِ: يَا نَبِيَّ اللهِ
فَلَيْسَتْ هِىَ اِنْسِيَّۃً؟ فَقَالَ: فَاطِمَۃُ
حَوْرَاءُ اِنْسِيَّۃٌ۔ فَقَالُوْا: يَا نَبِىَّ اللهِ كَيْفَ
هِيَ حَوْرَاءُ اِنْسِيَّۃٌ؟ قَالَ: خَلَقَهَا اللهُ عَزَّ وَ

جَلَّ منْ نُوْرِه قَبْلَ اَنْ يَخْلُقَ آدَمَ اِذْ كَانَت الْاَرْوَاحِ۔ فَلَمَّا خَلَقَ اللهُ عَزَّ وَ جَلَّ آدَمَ عُرِضَتْ عَلٰي آدَمَ۔ قِيْلَ يَا نَبِيَّ اللهِ وَ اَيْنَ كَانَتْ فَاطِمَةُ؟ قَالَ: كَانَتْ فِي حُقَّةٍ تَحْتَ سَاقِ الْعَرْشِ۔ قَالُوْا يَا نَبِيَّ اللهِ فَمَا كَانَ طَعَامُهَا؟ قَالَ: اَلتَّسْبِيْحُ وَ التَّقْدِيْسُ وَ التَّهْلِيْلُ وَ التَّمْجِيْدُ۔

'હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે ખુદાવંદે તઆલાએ આસમાન અને ઝમીનની ખિલ્કત પહેલા ફાતેમા ઝહરા (સ.અ.)ના નૂરને પૈદા કર્યું. ત્યારે અમૂક લોકોએ પુછયું: અય અલ્લાહના રસુલ!

શું તેણી ઈન્સાન નથી? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: તેણી ઈન્સાની હુર છે. લોકોએ પુછયું: તેણી કેવી રીતે ઈન્સાની

હુર છે? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: ખુદાએ તેણીને આદમ (અ.સ.)ની ખિલ્કત પહેલા પોતાના નૂરથી પૈદા કર્યા છે. જ્યારે ફકત રૂહો હતી. જ્યારે આદમ (અ.સ.)ની ખિલ્કત થઈ તો આ નૂર તેમની સમક્ષ રજુ કરવામાં આવ્યું. લોકોએ પુછયું: અય

અલ્લાહના રસુલ! તે સમયે જનાબે ફાતેમા (સ.અ.) કયાં હતા? આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું: અર્શની નીચે એક ખઝાનામાં. લોકોએ પુછયું: તે સમયે તેણીનો ખોરાક શું હતો? આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું: અલ્લાહની તસ્બીહ, તકદીસ, તહલીલ અને તમહીદ તેમનો ખોરાક હતો.' (બેહારુલ

અન્વાર, ભાગ-43, પાના નં. 4)

<u>હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)</u>

<u>ની ઈબાદત:</u>

આ રિવાયતના અંતમાં હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

તે આલમે અરવાહમાં અર્શે ઈલાહીની હેઠળ જ. ફાતેમા

ઝહરા (સ.અ.)ની ગીઝા (ખોરાક) ખુદાવંદે આલમની હમ્દ અને તસ્બીહ હતી. આ સમયે જે હઝરત ફાતેમા ઝહરા

(સ.અ.)ની તસ્બીહ છે, કદાચ તેનું કારણ તે જ આસમાની તસ્બીહ હોય શકે છે. જ. ઝહરા (સ.અ.)ના નૂરને અર્શના ખઝાનામાં રાખવામાં આવ્યું હતું. તેમનો ખોરાક ખુદાની હમ્દ અને તસ્બીહ હતો.

આપ (સ.અ.) મહેરાબે ઈબાદતમાં એવી ઈબાદત કરતા હતા કે પગો ઉપર સોજા ચડી જતા હતા.

مَا كَانَ فِيْ ہٰذِہ الْاُمَّۃ اَعْبَدُ مِنْ فَاطِمَۃَ (عَلَيْہَا السَّلَامُ) كَانَتْ تَقُوْمُ حَتّي تَوَرَّمَ قَدَمَاہَا۔

‘આ ઉમ્મતમાં કોઈપણ હ. ઝહરા (સ.અ.)થી વધારે ઈબાદતગુઝાર ન હતું. આપ (સ.અ.) ઉભા રહીને એટલી ઈબાદત કરતા હતા કે આપના

પગોમાં સોજા ચડી જતા હતા.'

(મનાકીબે ઈબ્ને શહરે આશુબ, ભાગ-3, પાના નં. 389)

ઝમીન ઉપરની આ ઈબાદત તે બાબત તરફ ઈશારો કરે છે કે

આલમે અરવાહમાં હમ્દ, તસ્બીહ અને ઈબાદતે પરવરદિગારનો જે સિલસિલો હતો તે આ દુનિયામાં પણ બાકી રહ્યો.

હઝરત ઈમામ જઅફ્ર સાદિક (અ.સ.) ફરમાવે છે:

فَمَنْ عَرَفَ فَاطِمَةَ حَقَّ مَعْرِفَتِهَا فَقَدْ اَدْرَكَ لَيْلَةَ الْقَدْرِ۔

‘જે શખ્સને પણ હ. ફાતેમા (સ.અ.)ની હકીકી મઅરેફત નસીબ થઈ જાય, તો તેને શબે કદ્ર મળી ગઈ.’

(બેહારુલ અન્વાર, ભાગ-43, પાના નં. 66, તફસીરે ફુરાતે કુફી, પાના નં. 581)

બીજી એક જગ્યાએ ઈમામ જઅફર સાદિક (અ.સ.) ઈરશાદ ફરમાવે છે:

هِیَ الصِّدِّیْقَۃُ الْکُبْرٰی وَ عَلٰي مَعْرِفَتِهَا دَارَتِ الْقُرُوْنُ الْاُوْلٰی۔

‘તેઓ સીદ્દીકતુલ કુબરા છે. તેમની મઅરેફતની બુનિયાદ

ઉપર પહેલાનો ઝમાનો પરિભ્રમણ કરી રહ્યો છે.'

(આમાલીએ શૈખ તુસી કુદસ સરાહ, પાના નં. 668)

એટલેકે ન ફકત આ દુનિયા જ.ઝહરા (સ.અ.)ની મઅરેફત ઉપર પરિભ્રમણ કરી રહી છે બલ્કે પહેલાના ઝમાનાની ઝીંદગીની ધરી પણ આજ છે.

હઝરત ઝહરા (સ.અ.) રિસાલતનો ભાગ:

خَرَجَ رَسُوْلُ اللهِ صَلَّي اللهُ عَلَيْہِ وَ آلہٖ وَ سَلَّمَ وَ ہُوَ آخذٌ بِيَدِ فَاطمۃَ فَقَالَ: مَنْ عَرَفَ ہٰذِہ فَقَدْ عَرِفَہَا وَ مَنْ لَمْ يَعْرِفْہَا فَہِيَ فَاطَمَۃُ بِنْتُ مُحَمَّد، وَ ہِيَ بَضْعَۃٌ مِنِّيِ وَ ہِيَ قَلْبِيْ وَ رُوْحِيَ الَّتِي بَيْنَ جَنْبِيِّ فَمَنْ آذَاہَا فَقَدْ آذَانِيْ، وَ مَنْ آذَانِيْ فَقَدْ آذَيَ اللهَ۔

‘પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એક દિવસ એવી રીતે પોતાના ઘરની બહાર આવ્યા કે જ. ફાતેમા (સ.અ.)નો હાથ તેમના

www.najat.org

હાથમાં હતો અને ફરમાવ્યું: જે આમને ઓળખે છે તે ઓળખે છે અને જેને આમની મઅરેફત નથી  તે જાણી લે કે આ ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.) છે. આ મારો ભાગ છે, મારું દીલ છે અને મારી રૂહ છે જે મારા બન્ને પડખાની દરમ્યાન છે. જેણે તેમને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા આપી તેણે ખુદાને ઈજા આપી.' (બેહારુલ

અન્વાર, ભાગ-43, પાના નં. 54)

આ રિવાયતની રોશનીમાં જ. ફાતેમા ઝહરા (સ.અ.)એ જ. રસુલે ખુદા (સ.અ.વ.)નો ભાગ છે. આપ (સ.અ.વ.) એ એમ નથી ફરમાવ્યું કે તે મારા શરીરનો ભાગ છે, મારા જીસ્મનો ટુકડો છે. બલ્કે ફરમાવ્યું: بَضْعَةٌ مِنِّي મારા વુજુદનો ભાગ છે. નુબુવ્વત

અને રિસાલતનો ભાગ છે. આં હઝરત (સ.અ.વ.)નું દીલ અને તેમની રૂહ છે.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)નું દીલ બાકી બધાના દીલોની જેમ નથી બલ્કે આ દીલ તે છે જે બધા અગાઉના અને અંત સુધીના ઈલ્મનું કેન્દ્ર છે. બધા નબીઓનું બધુ જ ઈલ્મ તે દીલમાં મૌજુદ છે. તમામ નબીઓ અને વલીઓના બધા જ કમાલાત તે દીલમાં મૌજુદ

છે. હ. ફાતેમા ઝહરા (સ.અ.) તે બધા જ ઈલ્મ અને કમાલાતનો અરિસો છે. બધા જ ઈલ્મો અને ખુબીઓની સંપૂર્ણ તસ્વીર છે.

ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની બયાન થયેલી રિવાયત મુજબ પહેલાના ઝમાનાઓ પણ તેમની જ મઅરેફતના આધારે ફરી રહ્યા છે. એટલેકે અગર પહેલાના ઝમાનામાં આ મઅરેફત ન હોત અને તે મઅરેફતની

અસરો ન હોત તો તે ઝમાનાઓનું કોઈ અસ્તિત્વ જ ન હોત. એટલેકે આ આખી દુનિયા શરૂઆતથી લઈને અંત સુધી હ. ફાતેમા ઝહરા (સ.અ.)ની મઅરેફત ઉપર પરિભ્રમણ કરી રહી છે.

---

વધુ માહિતી માટે અમારી વેબસાઈટ www.najat.org ની મુલાકાત લ્યો.